જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૩/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૭૧/૧૭

ક્રાઇમ બ્રાન્ચ :

અત્રે વખતે ફરીયાદી વહીદાબીબી વા/ઓ નાસીરખાન નજીરખાન જાતે પઠાણ ઉંવ-૫૫, ધંધો-ઘરકામ રહેવાસી- મનં ૨૪૧૧/૧૮ અંબાલાલની ચાલી, રંગીલા પોલીસ ચોકી પાસે, શાહપુર અમદાવાદ શહેર મુળ વતન - ટેકરાવાળો વાસ,મસ્જીદની સામે, ગામ-મણુજ, તા.જી.મહેસાણા નાઓએ પોતાની બહેન છેલ્લા દોઢેક માસ પહેલા સાઉદી અરેબીયા ખાતે નાના મોટા કામ કરવામા બહુ એવા સારા પગાર મળે છે તેવી રીયાનાબાનું લોભામણી લાલચો આપી વિશ્વાસ કેળવી જણાવેલ કે તમારે કે બીજા કોઇને સાઉદી અરેબિયા જવુ હોય તો પોતાને વાત કરવાનુ જણાવેલ અને પોતે અમદાવાદમાં એજન્ટ તરીકે કામ કરુ છુ. અને મારા બીજા એક એજન્ટ ફારુકભાઇ હસનભાઇ મન્સુર નાઓ મુબઇખાતે રોઝી એન્ટરપ્રાંઇઝ દુકાન-૧, ઝોહરા મંજીલ, આઇ.આર.એફ.એસ.વી.પી. રોડ ડોંગરી ખાતે રહે છે અને તેઓ જરુરીયાત મંદોને નોકરી માટે મુબઇથી સાઉદી અરેબિયા મોકલવાનુ કામકાજ કરે છે તેવી વાત કરતા ફરીયાદીની બહેન હફીઝાબાનુને બ્યુટી પાર્લરનુ કામ સારુ આવડતુ હોય સાઉદી અરેબિયા જવાની વાત કરતા સાઉદી અરેબીયા મોકલવા માટેની કાર્યવાહી શરૂ કરેલી અને આજથી દોઢેક માસ પહેલા પોતાની બહેનને તે બન્ને જણાએ સાઉદી અરેબીયા મોકલી આપેલ અને પોતાની બહેન સાઉદી અરેબિયા ગયા બાદ આ તેઓને બ્યુટી પાર્લરનુ કામ નહી આપી અને ઘરના કચરા પોતા કરવાનું કામ આપેલ હોય તેવી વાત પોતાની બહેન હફીઝાબાનુએ ફોન થી ફરીયાદીને જણાવેલ કે આ રીહાનાબાનુએ મને સાઉદી અરેબિયામા મોકલી અને મારે જે બ્યુટીપાર્લરનુ કામ કરવાનુ હતુ તે કામ કરાવતા નથી અને બીજા ઘરકામ કચરા-પોતા તથા વાસણ ધોવા જેવા મને કામ બળજબરીથી અને ગુલામની જેમ રાખે છે અને ગુલામી જેવા કામો કરાવે છે અને મને પુરૂ ખાવાપીવા પણ આપતા નથી અને મને પગાર પણ આપતા નથી. અને પગારની માંગણી કરુતો ધાક ધમકીઓ આપે છે.અને ટેલીફોનમા વધુમા જણાવેલ કે આ સિવાય આ એજન્ટોએ અગાઉપણ આવા માણસોને અમદાવાદ તથા અન્ય જગ્યાએથી સાઉદી અરેબીયા સારી નોકરી અપાવવાનુ જણાવી સાઉદી અરેબીયામા મોકલી ગુલામોની જેમ કામ કરાવે છે તેવુ જણાવેલ જેથી ફરીયાદી આ ગુનાના આરોપી એજન્ટ રીહાનાબાનુને મળેલા અને પોતાની બહેનને પરત અમદાવાદ લાવવાની વાતચીત કરેલ જેથી આ ગુનાના આરોપી રીહાનાબાનુએ ફરીયાદીને જણાવેલ કે તમારી બહેનને પાછી લાવવા પોતાને મુંબઇ ફારુકભાઇ સાથે વાત કરવી પડશે અને તેઓ તમારી બહેનને થોડા સમયમાં પરત લાવી આપશે તેમ જણાવેલ અને પોતાની બહેનને પરત નહી



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

લાવતા અને ખોટા બહાના બતાવતા ફરીયાદી સૌપ્રથમ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને રૂબરૂ મળી વાત કરતા પોલીસ કમિશનરશ્રી નાઓએ મહીલા પો.સ્ટે તપાસ કરવા માટે મોકલી આપતા ફરીયાદીબેન મદદનીશ પોલીસ કમિશનરશ્રી મહિલા સેલ નાઓને રૂબરૂમાં મળી ઉપરોકત હકીકત જણાવેલ જે અન્વયે રીયાનાબાનુંને બોલાવી પુછપરછ કરતાં તેમના બીજા એજન્ટ ફારુકભાઇનો સંપર્ક કરી ફરીયાદીવા બેનને પરત લાવી આપવા માટે તા.૧૬/૩/૧૭ ની ટીકીટ કરાવેલ હોવાનું જણાવેલ અને આ ફરીયાદીના બહેન હફિઝાબાનુ ભારત પરત આવે તે બાબતે પ્રાથમિકતા આપી તેને પરત લાવવા પ્રયાસો કરેલ. બાદ તા.૧૬/૩/૧૭ ના હફિઝાબાનુ ભારત પરત ના આવતા ફરીયાદીશ્રીએ મહીલા પો.સ્ટે ખાતે ગુનો રજીસ્ટર કરાવેલ અને અમદાવાદ સ્થિત મહીલા એજન્ટ રીયાનાબાનુ મલેક ની તાત્કાલિક ધરપકડ કરવામા આવેલ અને તેજ દિવસે એક ટીમ મુંબઇ ખાતે મોકલી મુંબઇ સ્થિત એજન્ટ ફારૂકભાઇ મનસુરની પણ ધરપકડ કરવામા આવેલ બાદ મે.પો.કમિ શ્રી સા ની સુચના અને જે.સી.પી સા.શ્રી ક્રાઇમ બ્રાંચ તથા ડી.સી.પી શ્રી ક્રાઇમ બ્રાંચ ના માર્ગદર્શન હેઠળ સદર હુ હફીજાબાનુને સાઉદી અરેબીયાથી ભારત પરત લાવવા પ્રયાસો હાથ ધરવામા આવેલ જે અંતર્ગત આજરોજ હફીઝાબાનુ મુંબઇ એરપોર્ટ ખાતે ફલાઇટથી આવતા એક ટીમ મુંબઇ મોકલી તેમને અમદાવાદ લાવવામાં આવનાર છે. તા ૧૯/૩/૧૭

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૩૮/૧૭ ઇપીકો ક. ૩૫૬, ૩૭૯, ૧૧૪ મુજબનાં કામનાં આરોપી નવાજખાન યુસુફખાન પઠાણ (રહે,પાંચકુવા કાલુપુર અમદાવાદ શહેર) નાને પકડી અટક કરી તેની પાસેથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને મોટર સાયકલ નંબર જીજે.૦૧.એસ.ઝેડ.૧૩૮૬ કબજે લેવામાં આવેલ છે.

ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૩૮/૧૭ નાં કામે આરોપી પાસેથી કબજે લીધેલ મોટર સાયકલ નંબર જીજે.૦૧.એસ.ઝેડ.૧૩૮૬ વાડજ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૫૬/૧૭ ઇપીકો.કલમ ૩૭૯ ગુનાનાં કામે ચોરાયેલ હોવાની આરોપી નવાજખાન યુસુફખાન પઠાણે કબુલાત કરતાં વાડજ પો.સ્ટે.નો ગુનો પણ ડિટેક્ટ થયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર તેમજ પોલીસ ઇન્સપેકટરશ્રી કાગડાપીઠ પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.કે.ડાભી તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન સર્વે.સ્કોડના પો.સબ. ઇન્સ આર.એમ. વસાવા તથા કાગડાપીઠ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન ના સ્વે.સ્કોડના માણ્સો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પ્રોહીબીશન અંગેની નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે

(૧) આજરોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એન.કે.ડાભી તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન સર્વે.સ્કોડના પો.સબ.ઇન્સ આર.એમ.વસાવાનાઓ તથા બીજા સ્ટાફના માણસો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પ્રોહી/જુગારના કેસો શોધવા સારુ પેટ્રોલીંગ મા હતા તે સમય દરમ્યાન **પો.કો ધર્મેશભાઇ હીન્દુભાઇ** નાઓને મળેલ બાતમી હકીકત આધારે **આરોપણ બહેન નામે ગોપીબેન વા/ઓ શંકરભાઇ ઇશ્વરભાઇ ચુનારા ઉં.વ.૨૫ રહે-કંટોડીયાવાસ મ્યુ.ક્વાટર્સની પાસે રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર** નાની કુલ ૨૭ લીટર કુલ્લે ૫૪૦/- ની મતાનો દેશી દારુનો જથ્થા સાથે તા.૧૯/૩/૨૦૧૭ ના રોજક.૨૦/૪૫ વાગ્યે પકડી અટક કરી તથા નહી પકડાયેલ આરોપણ બહેન આશાઉર્ફે તોતી ચુનારા રહેવાસી કંતોડીયાવાસ રા.દ. બહાર અમદાવાદ શહેર નાનીએ મદદગારી કરેલ હોઇ તેણીને વોન્ટેડ બતાવી કાગડાપીઠ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૧૩૪/૨૦૧૭ ધી પ્રોહી.એકટ કલમ ૬૬(બી) ૬૫(ઇ),૮૧ મુજબનો ગુનો દાખલ કરી આગળ વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(૨) આજરોજ અ.હેડ.કોન્સ નરેન્દ્રસિંહ મહોબતસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પ્રોહી/જુગારના કેસો શોધવા સારુ પેટ્રોલીંગ મા હતા તે સમય દરમ્યાન **પો.કો.સમીઉલ્લા યાવરમિયા** નાઓને મળેલ બાતમી હકીકત આધારે **વોન્ટેડ આરોપણ બહેન નામે રેણુકાબેન વા/ઓ પુનમભાઇ ચુનારા રહેવાસી કંટોડીયાવાસ રા.દ. બહાર અમદાવાદ શહેર** પોતાના ઘર આગળ જાહેરમાં વગર પાસ-પરમીટે પોતાનાં કબજામાં ૯ લીટર જેટલો દેશીદારૂ રાખી વેચાણ કરતી હોઇ રેઇડ દરમ્યાન નાસી ગયેલ હોય. તેણીના વિરુધ્ધ માં કાગડાપીઠ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૧૩૫/૨૦૧૭ ધી પ્રોહી.એકટ કલમ ૬૬(બી) ૬૫(ઇ) મુજબનો ગુનો દાખલ કરી આગળ વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(૩) આજરોજ અ.હેડ.કોન્સ નરેન્દ્રસિંહ મહોબતસિંહ તથા બીજા સ્ટાફના માણસો સાથે કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પ્રોહી/જુગારના કેસો શોધવા સારુ પેટ્રોલીંગ મા હતા તે સમય દરમ્યાન **પો.કો.સમીઉલ્લા યાવરમિયા** નાઓને મળેલ બાતમી હકીકત આધારે **આરોપણ બહેન મુન્નીબેન ઉર્ફે મુનીયા અરુણભાઇ ચુનારા ઉં.વ. ૩૫ રહે. કંટોડીયાવાસ રા.દ. બહાર અમદાવાદ શહેરનાની** કુલ ૯૦ લીટર કુલ્લે ૧૮૦૦/- ની મતાનો દેશી દારુનો જથ્થા સાથે તા.૧૯/૩/૨૦૧૭ ના રોજક.૨૨/૪૫ વાગ્યે પકડી અટક કરી તેમજ નહી પકડાયેલ ખાખરાખાર ખાતે રહેતા રાજેશભાઇ ચુનારા નાઓએ મદદગારી કરેલ હોઇ જેથી તેને વોન્ટેડ બતાવી કાગડાપીઠ પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૧૩૬/૨૦૧૭ ધી પ્રોહી.એકટ કલમ ૬૬(બી) ૬૫(ઇ),૮૧ મુજબનો ગુનો દાખલ કરી આગળ વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

### લૂંટના ગુનાના આરોપીઓ પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા.શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા.શ્રી જે ડીવીઝન નાઓએ અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં લૂંટના બનાવ અટકાવવા સુચના આપેલ જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પી.વી.જાડેજા જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓની માર્ગદર્શન મુજબ આજરોજ વિરેંદ્રસિંહ.એન.વાઘેલા પોસઈ સર્વેલન્સ નાઓ તથા સ્ટાફના અપોકો રમેશભાઇ ગોરાભાઇ બ.નં. ૫૪૯૬ તથા અ.લોકરક્ષક બિહારીદાન દિલીપદાન બ.નં.૧૭૪૧ નાઓની હકીકત આધારે સરસ્વતી સ્કુલ રોપડા બ્રીજ પાસેથી ફ.ગુ.ર.નં ૨૭/૧૭ ધી ઈપીકો કલમ ૩૯૨ ૫૦૬(૨) ૧૧૪ તથા જીપીએક્ટ ૧૩૫(૧) લૂંટ કરનાર ઈસમો (૧) સચિન મહેશભાઇ આચાર્ય ઉવ.૨૦ રહે.મ.નં.૩૨ ખોડીયાર પાર્ક સોસાયટી રબારી કોલોની અમરાઇવાડી અ'વાદ શહેર (૨) અંકિત રમેશભાઇ બારોટ ઉવ.૨૧ રહે.મ.નં.ડી/૧૦૯ ગ્રીન સાકાર રેસીડન્સી રીલાયન્સ પેટ્રોલ પંપ બાજુમાં રામોલ અમદાવાદ નાઓને તા.૧૯/૩/૧૭ ના ક.૧૮/૧૫ વાગે પકડી અટક કરેલ છે. અને આરોપી નં.(૧) પાસેથી લુટ કરેલ મો.ફોન.કિ.રૂ.૭૦૦૦/- તથા ગુનાના કામે વાપરેલ છરો તથા ઓટોરીક્ષા નં. જીજે-૧-ડી.યુ-૦૩૩૫ કિ.રૂ.૪૦૦૦૦/- કબજે કરેલ છે. તથા આરોપી નં. (૨) પાસેથી લુટ કરેલ એક કાળા કલરનો જેન કંપનીનો ટચસ્કીન મો.ફોન કિ.રૂ.૧૫૦૦/- તથા રોકડા રૂ.૧૧૦૦/- તથા એક ધારદાર છરો કબજે કરેલ છે. આરોપીઓ (૩) સોહનલાલ ઉર્ફે સવૈયો આનંદભાઇ કલાલ ઉવ.૩૨ રહે.હેમા બિજલની ચાલી કિષ્ણા સોસા. પાછળ ઓઢવ અ'વાદ (૪) મહેન્દ્ર ઉર્ફે પ્રવિણ અશોકકુમાર શર્મા ઉવ.૨૨ રહે.એમ/૩૧૪ ઇન્દીરા વસાહત સીંગરવા અ'વાદ નાઓને તા.૧૯/૩/૧૭ ના ક.૨૨/૦૦ વાગે પકડી અટક કરેલ છે તેઓ પાસેથી લુટ કરેલ ઇન્ટેક્ષ કંપનીનો સાદો મો.ફોન કિ.રૂ.૫૦૦/- તથા રોકડા રૂ.૫૦૦/- કબજે કરેલ છે.અને આ રીતે અમોએ લૂંટના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)